# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર**વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# DHULETI-RANGOTSAV

સમગ્ર રાજ્યમાં આજે હર્ષોલ્લાસ સાથે ધૂળેટીનું પર્વ ઉજવાઇ રહ્યું છે. ઠેર ઠેર લોકો એકબીજા પર રંગ ઉડાડી રંગોત્સવ ઉજવાઇ રહ્યા છે. રાજ્યના વિવિધ મંત્રીઓ તેમજ પોલીસ પરિવાર આ ઉજવણીમાં જોડાયા છે. અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામે વર્ષો જૂની પરંપરા મુજબ ધુળેટીના દિવસે હોલિકા દહન કરવામાં આવે છે. બાંઠીવાડા સહિત બાર મુવાડાના 50 હજારથી વધુ લોકો હોલિકા દહનમાં ઉપસ્થિત રહીને અનોખી રીતે ઉજવણી કરી. લોકોએ લઠ રાસ રમીને અને પરંપરાગત રીતે ઢોલ વગાડીને ઉજવણી કરી હતી. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી પી. સી. બરંડા, પણ જોડાયા હતાં. તેમણે આ મુજબ પ્રતિક્રિયા આપી.

(BYTE : P.C.BARANDA, Minister)

બીજી તરફ, બોટાદ અને કેન્દ્ર શાસિત પ્રદેશ દમણમાં જિલ્લા પોલીસવડાની ઉપસ્થિતિમાં જિલ્લાના પોલીસ સ્ટાફ તેમજ પોલીસ પરિવાર દ્વારા ડીજેના તાલે ગરબે ઝુમી, ડાન્સ મસ્તી સાથે રંગોત્સવની ઉજવણી કરવામાં આવી. છોટાઉદેપુરમાં પોલીસ કર્મચારીઓ ધૂળેટીના રંગે રંગાયા. જિલ્લા પોલીસ વડા ઇમ્તિયાઝ શેખે શાંતિપૂર્ણ માહોલમાં ધુળેટી ઉજવવા અપીલ કરી. પાટણ શહેરના બગવાડા દરવાજા ચોકમાં વિવિધ રાજકીય પક્ષો અને વિવિધ સંસ્થાઓ દ્વારા રંગોત્સવનું પર્વ ઉજવાઇ રહ્યું

છે. જ્યારે મહેસાણાના વિસનગર શહેરમાં એકબીજા પર બટાકા.રીગણા અને ટામેટા જેવા શાકભાજી ફેંકી અનોખી રીતે ધુળેટીના પર્વની ઉજવણી કરવામાં આવે છે.

# VAV-THARAD NO FLY ZONE

વાવ-થરાદ જિલ્લામાં સુરક્ષાના કારણોસર 6 મહત્વના સ્થળોને ‘નો ડ્રોન ફ્લાય ઝોન’ જાહેર કરાયા છે. જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસાર ઝીરો પોઈન્ટ નડાબેટ અને પાવર સ્ટેશનો પર ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ મુકાયો છે. ભારત-પાકિસ્તાન સરહદ નજીક આવેલ નડાબેટનું ‘ઝીરો પોઈન્ટ’, નડાબેટ ખાતે આવેલ બી.એસ.એફ. ૧૦૭ બટાલિયન કેમ્પ, સુઈગામ સ્થિત બી.એસ.એફ. ૬૩ બટાલિયન કેમ્પ તેમજ થરાદ, લાખણી અને દિયોદર ખાતે આવેલા ૨૨૦ કે.વી. સબ સ્ટેશનોને 'નો ફ્લાય ઝોન'માં સામેલ કરવામાં આવ્યા છે. આ પ્રતિબંધિત વિસ્તારોમાં ડ્રોન દ્વારા કોઈ પણ પ્રકારની ગતિવિધિ કરવી એ કાયદાકીય ગુનો ગણાશે. આ જાહેરનામું આગામી તારીખ પહેલી મે સુધી અમલમાં રહેશે.

# SURENDRANAGAR KHANIJ

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલાના નાયબ કલેકટર એચ ટી મકવાણાએ થાનગઢ તાલુકાના તરણેતર ગામેથી ગેરકાયદેસર ખનન

કરતા પાંચ વાહનો ઝડપી પાડ્યા છે. આ સાથે એક કરોડ 97 લાખ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. આ ખોદકામ કરનાર તેમજ વાહન માલિકો સામે લેન્ડ ગ્રેબિંગ અને તડીપાર અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું નાયબ કલેક્ટર શ્રી મકવાણાએ જણાવ્યું.

(BYTE : H.T.MAKWANA, Deputy Collector)

# HPV VACCINE-GCRI

ગર્ભાશયના મુખના કેન્સર એટલે કે સર્વાઇકલ કેન્સર સામે લડવા માટેની HPV રસી અંગે ફેલાવવામાં આવતી નકારાત્મક ટિપ્પણીઓ અને અફવાઓને ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ-GCRIના નિષ્ણાત તબીબોએ પાયાવિહોણી ગણાવી છે. તેઓએ ભારપૂર્વક જણાવ્યું છે કે રસી સંપૂર્ણપણે સુરક્ષિત છે અને દીકરીઓને જીવલેણ કેન્સરથી બચાવવા માટે અનિવાર્ય છે. તબીબોએ આ રસીની સુરક્ષા અંગે વૈશ્વિક પુરાવાઓ ટાંકતા જણાવ્યું છે કે, વિશ્વ આરોગ્ય સંગઠન-WHO ની ગ્લોબલ એડવાઈઝરી કમિટી એ સ્પષ્ટ કર્યું છે કે HPV રસી અને વંધ્યત્વ અથવા અન્ય ગંભીર આડઅસરો વચ્ચે કોઈ જ કારણભૂત સંબંધ નથી. આ રસીને અમેરિકાની Food and Drug Administration-FDA સહિત વિશ્વની પ્રતિષ્ઠિત સંસ્થાઓએ પણ મંજૂરી આપી છે. અત્યાર સુધીમાં ઓસ્ટ્રેલિયા, યુનાઇટેડ

કિંગડમ અને કેનેડા સહિત વિશ્વના 100થી વધુ દેશોએ આ રસીને પોતાના રાષ્ટ્રીય કાર્યક્રમમાં સામેલ કરી છે.

# GIR SOMNATH RAS

ગીર સોમનાથ જિલ્લાના તાલાલામાંથી ભેળસેળયુક્ત બે વર્ષ જુનો કેરીનો રસનો જથ્થો મળી આવ્યો છે. પોલીસે હડમતીયા ગીર ગામની સીમમાં દરોડા દરમિયાન કેરીનો રસ બનાવવાના પ્લાટન્ટમાં તથા તાલાળા મુકામે તેમના ગોડાઉનમાં તપાસ કરતા કેરીના રસનો બે વર્ષ જુનો અખાધ 16 હજાર લીટર જથ્થો ઝડપી પાડ્યો હતો. જેને સેન્ટ્રલ ફૂડ સેફ્ટી ઓફિસર પાસે ઘટતી કાર્યવાહી કરાવવા માટે સીઝ કરાયો છે.